सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૧૫ | ૦૯ | ૨૦૨૩ |
| નોંધ્યા તારીખ: | ૧૫ | ૦૯ | ૨૦૨૩ |
| ફેંસલ તારીખ: | ૧૭ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૭ | ૦૨ |

## મહે. એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.

ક્રિમીનલ અપીલ નં. ૫૪/૨૦૨૩
આંક :– ૨૧

એપેલન્ટ :– આશિષભાઈ નટુભાઈ પંચાલ
(મૂળ આરોપી) ધંધો. વેપાર, ઉ.વ.આ.૫૭,
રહે. પ્લોટ નં. ૧૦૬, સેકટર–૧૪, મું. ગાંધીનગર, તા.જી. ગાંધીનગર.

**<u>વિરૂધ્ધ</u>**

રીસ્પોન્ડન્ટ:– (૧) દિલીપકુમાર ગીરીશભાઈ પંચાલ
(મૂળ ફરિયાદી ) ઉ.વ. પુખ્ત, ધંધો :–નોકરી,
રહે. ૨૧, વિનાયકનગર કુલબાઈ માતા રોડ, મુ.પો. તા. કપડવંજ, જી. ખેડા.
(૨) ધી સ્ટેટ ઓફ ગુજરાત

**<u>ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ–૩૭૪ મુજબ અપીલ...</u>**

------------------------------------------

એપેલન્ટ તર્ફે વિધ્વાન વ.શ્રી જે.બી.મારવાડી

રીસ્પોન્ડન્ટ નં.૧ તર્ફે વિ.વ.શ્રી એ.બી.રાઠોડ

રીસ્પોન્ડન્ટ નં.૨ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એમ.આર.પટેલ

------------------------------------------

**–:: ઠ રા વ ::–**

(૧) આ કામના એપેલન્ટ(મૂળ આરોપી) એ હાલની આ અપીલ વિ. કપડવંજના એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ ક્રિમીનલ કેસ નં. ૮૨૮/૨૦૧૯ ના કામે તા. ૨૩/૦૮/૨૦૨૩ ના રોજ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરેલ છે.

- આ કામના આરોપી આશિષભાઈ નટુભાઈ પંચાલ,રહે. પ્લોટ નં. ૧૦૬, સેકટર–૧૪, ગાંધીનગરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુનામાં કસુરવાન ઠરાવી બે(૨) વર્ષની સાદી કેદની શિક્ષા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

- વધુમાં આરોપીને ફરમાવવામાં આવે છે કે, તેઓએ રૂ.૨,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા બે લાખ) પુરા આ કામના ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવા. જો આરોપી

વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો વધુ છ(૬) માસની સાદી કેદની શિક્ષા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમથી નારાજ થઈ એપેલન્ટે હાલની અપીલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૭૪ અન્વયે દાખલ કરેલ છે.

(૨) એપેલન્ટે તેની અપીલના કારણોમાં જણાવેલ છે કે, નામ. ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ ભૂલ ભરેલો અને પુરાવાનું ખોટુ અર્થઘટન કરીને આપેલ છે અને કાયદા અને નિયમથી વિપરીત હકીકતોનો આધાર લઈ હુકમ કરેલ છે. તે કુદરતી ન્યાયના સિધ્ધાંતોને ધ્યાને લીધા સિવાય કરવામાં આવેલ છે. તેથી રદ્દ થવાને પાત્ર છે. આંક–૩૦ નો હુકમ મીસ રીડીંગ કરી અને તેવું અર્થઘટન કરી આપેલ છે. ટ્રાયલ કોર્ટે રજુ કરેલા દસ્તાવેજો અંગે તદ્દન ખોટા અને અતિશીયોકતી ભરેલા અનુમાન કરી કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધના અનુમાનો કરી ભુલ ભરેલો હુકમ કરેલો છે. મુળ ફરીયાદીએ આંક–૧૯ વાળો ચેક આરોપીએ આપેલ હોય કે તે રીટર્ન થયેલ હોય અને તે રીટર્ન થયા બાદ મુળ ફરીયાદીએ આંક–૨૧ વાળી નોટીસ મુળ આરોપીને બજેલ હોય તથા આંક–૨૩ વાળી રજી એ.ડી મળ્યાની એકનોલેઝમેન્ટ પાવતી અંગે ફરીયાદીએ તેઓને જાણ માહિતિ નહી હોવાનું કબુલ કરેલ હોવાછતાં અને તે હકીકત રેકર્ડ ઉપર આવેલી હોવાછતાં નામ.કોર્ટે આરોપી વિરૂધ્ધના ખોટા અનુમાનો કરી ખોટો હુકમ કરેલ છે જે રદ થવાને પાત્ર છે. મુળ ફરીયાદી રૂા.

૨૫,૦૦૦/– પગાર મેળવતા હતા. જેથી તેઓ આરોપીને રૂા. ૨,૦૦,૦૦૦/– આપી ન શકે તેમછતાં મુળ ફરીયાદી રૂા. ૨,૦૦,૦૦૦/– આપવા સક્ષમ છે તેવુ નામ. કોર્ટનુ અનુમાન ભુલ ભરેલુ છે. જેથી હુકમ રદ થવાને પાત્ર છે. ફરીયાદી તેમની ફરીયાદ પુરવાર કરવામાં નિ:ષ્ફળ ગયેલા છે. ફરીયાદીએ નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટની જોગવાઈઓ મુજબના અતિ મહત્વના દસ્તાવેજો રજુ કરેલા નથી તેમજ લ્હેણા નીકળતા હોવાની મહત્વની હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. તેમ છતાં નામ. કોર્ટે હુકમ કરેલો છે જે રદ થવાને પાત્ર છે. ના.કોર્ટે અમો એપેલન્ટને દલીલો કરવાની પણ તક આપ્યા વિના ફરીયાદીની દલીલોમાં આવી જઈ પુરાવાઓ તથા હકીકતોથી વિપરીત હુકમ કરેલ છે. નામ. ટ્રાયલ કોર્ટે ધી. નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો પુરવાર થતા હોવાના માનવામાં ગંભીર પ્રકારની ભુલ કરેલી છે. જેથી નામ. ટ્રાયલ કોર્ટ નો આંક–૩૦ નો હુકમ રદ થવાને પાત્ર છે. ફરીયાદીની જુબાનીને એક તરફી અનુમાનો કરેલા છે. આરોપી તરફે કરેલા કથનો નામ.કોર્ટે ધ્યાને લીધેલા નથી. ઉપલી અદાલતોની ઓથોરીટીના સિધ્ધાંત મુજબ આરોપી વિરૂધ્ધનો કોઈ કેસ પુરવાર થયેલ ન હોવા છતાં આરોપીને તકસીરવાન ઠરાવી સજા અંગેનો જે હુકમ કરેલ છે તે ખોટો અને અયોગ્ય ઠરાવી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામના રીસ્પોન્ડન્ટને નોટિસ બજતાં રીસ્પોન્ડન્ટ નં.૧ તર્ફે એ.બી.રાઠોડ હાજર થયેલા છે. રીસ્પોન્ડન્ટ નં.૨ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એમ.આર.પટેલ હાજર થયેલ છે.

(૪) એપેલન્ટ તર્ફે વિ.વ.શ્રીનાઓએ આંક–૧૯ થી લેખિત દલીલો રજુ કરેલ છે. તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, હાલના અરજદાર વિરૂધ્ધ મે.કપડવંજના એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ ક્રિમીનલ કેસ નં. ૮૨૮/૨૦૧૯ ના કામે તા. ૨૩/૦૮/૨૦૨૩ ના રોજ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવેલ છે. આ કામના એપેલન્ટ/મૂળ આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ ખોટી, ઉભી કરેલી અને કાયદાનો દુર ઉપયોગ કરતી ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં કાયદાકીય ભૂલ કરેલ છે. નામ.કોર્ટમાં ફરીયાદવાળો ચેક પુરવાર થતો નથી સાબીત થતો નથી. ફરીયાદીએ પોતાનુ લેણુ પુરવાર અને સાબીત કરેલ નથી. મુળ ફરીયાદીએ આંક–૧૯ વાળો ચેક આરોપીએ આપેલ હોય કે તે રીટર્ન થયેલ હોય અને તે રીટર્ન થયા બાદ મુળ ફરીયાદીએ આંક–૨૧ વાળી નોટીસ મુળ આરોપીને બજેલ હોય તથા આંક–૨૩ વાળી રજી એ.ડી મળ્યાની એકનોલેઝમેન્ટ પાવતી અંગે ફરીયાદીએ તેઓને જાણ માહિતિ નહી હોવાનું કબુલ કરેલ હોવાછતાં અને તે હકીકત રેકર્ડ ઉપર આવેલી હોવાછતાં નામ.કોર્ટે આરોપી વિરૂધ્ધના ખોટા અનુમાનો કરી ખોટો હુકમ કરેલ છે જે રદ થવાને પાત્ર છે. મુળ ફરીયાદી રૂા. ૨૫,૦૦૦/– પગાર મેળવતા હતા. જેથી તેઓ આરોપીને રૂા. ૨,૦૦,૦૦૦/– આપી ન શકે તેમછતાં મુળ ફરીયાદી રૂા. ૨,૦૦,૦૦૦/–

આપવા સક્ષમ છે તેવુ નામ. કોર્ટનુ અનુમાન ભુલ ભરેલુ છે. જેથી હુકમ રદ થવાને પાત્ર છે. ફરીયાદી તેમની ફરીયાદ પુરવાર કરવામાં નિ:ષ્ફળ ગયેલા છે. વધુમાં દલીલ કરેલ છે કે, નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓનું પાલન કરેલ નથી. સદર ચેક એપેલન્ટે/આરોપીએ કાયદેસરના લ્હેણાં પેટે આપેલ હોય તેવું પુરવાર થતું નથી તેમજ ચેકનું એકઝીકયુશન પુરવાર થતું ના હોય તેમછતાં નામ. કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવેલ છે જે ગેરકાયદેસર અને ભૂલ ભરેલ હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હાલની અપીલ મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

રીસ્પોન્ડન્ટ ૨ તર્ફે વિ. એ.પી.પી શ્રી એ યોગ્ય તે ન્યાયીક હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૫) રીસ્પોન્ડન્ટ નં.૧ તર્ફે વિ.વ.શ્રીએ આંક–૦૯ થી લેખીત દલીલ રજુ કરેલ છે. તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, નામ. ટ્રાયલ કોર્ટે જે તારણોના આધારે અરજદાર/આરોપીને નેગોશએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવેલ છે તે યોગ્ય અને ન્યાયીક છે. આરોપીએ માત્ર ખોટા બચાવ ઉભા કરેલ હોવાનું નામ. કોર્ટે માનેલ છે. બચાવપક્ષે આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલ વ્યવહારો અંગે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. નામ.કોર્ટે રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવા તથા હકીકતોના આધારે કાયદામાં ઠરાવેલા મુદ્દાઓ અંગે સાચા અને ખરા તારણો કાઢી તે તારણો આધારે હુકમ કરેલ છે. જે ન્યાયી અને વ્યાજબી છે. અપીલના કામે એપેલન્ટે જે કારણો બતાવેલા છે તે મનઘડંત અને ઉપજાવી કાઢેલા છે. અમો મુળ

ફરીયાદીએ આંક–૧૯ વાળો ચેક આરોપીએ આપેલ હોય છે તે રીટર્ન થયેલ હોય અને તે રીટર્ન થયા બાદ મુળ ફરીયાદીએ આંક–૨૧ વાળી નોટીસ મુળ આરોપીને બજેલ છે તથા આંક–૨૩ વાળી રજી એ.ડી મળ્યાની એકનોલેઝમેન્ટ પાવતી જેવા મજબુત પુરાવાઓને માનીને અનુમાન કરીને હુકમ કરેલ છે તે યોગ્ય અને ન્યાયીક છે. અમો મુળ ફરીયાદી આરોપીને રૂા. ૨,૦૦,૦૦૦/– આપવા સક્ષમ છે તેવુ નામ. કોર્ટનુ અનુમાન કરીને હુકમ કરેલ છે તે યોગ્ય અને ન્યાયીક છે. રીસ્પોન્ડન્ટ/ મુળ ફરીયાદીને એપેલન્ટ પાસે કાયદેસરના લેણી રકમ લેવાની હતી અને તે બાબતે આંક–૧૯ વાળો ચેક આપવામાં આવેલ છે. આમ, કાયદેસરના લેણા પેટે આંક–૧૯ વાળો ચેક આરોપી/એપેલન્ટે આપેલ છે. આરોપી દ્વારા ફરીયાદ તથા નોટીસની હકીકતો ખોટી હોય, ચેકમાં સહી ન હોય, ચેકમાં લખેલી વીગતો પોતે લખેલી ન હોય કે આરોપીએ મુળ ફરીયાદી સાથે આવો કોઈ જ વ્યવહાર કરેલ ન હોય તેવો કોઈ જ બચાવ લીધેલ નથી જેથી ગર્ભિત રીતે આ કામના એપેલન્ટે સદર વ્યવહાર કબુલ કરતા હોય જે પરોક્ષ રીતે સાબીત થાય છે. ફરીયાદી તેના પુરાવાથી કાયદેસરના લેણાં પેટે ચેક ચુકવેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે. આમ, નામ. ટ્રાયલ કોર્ટે તેના હુકમમાં જે તારણો જણાવેલ છે તે યોગ્ય અને કાયદાના સિધ્ધાંત મુજબના હોઈ સદર હુકમમાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત જણાતુ ના હોઈ એપેલન્ટની અપીલ ખર્ચ સહિત રદ્દ કરવા અરજ ગુજારેલ છે.

(૬) એપેલન્ટ તર્ફે આંક–૩ થી વિ. કપડવંજના એડીશનલ ચીફ જ્યુડીશીયલ

મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ ક્રિમીનલ કેસ નં. ૮૨૮/૨૦૧૯ કામે આપેલ ચુકાદાની સર્ટીફાઈડ કોપી રજૂ કરેલ છે.

(૭) આ કામે અપીલ મેમો, એપેલન્ટ તર્ફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા, દલીલ તથા ક્રિમીનલ કેસ નં. ૮૨૮/૨૦૧૯ નું અસલ રેકર્ડ ધ્યાને લેતાં આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા ક્રિમીનલ અપીલના નિર્ણય માટે ઉપસ્થિત થયેલ છે.

**<u>મુદ્દા નં.૧</u>** શું એપેલન્ટ પુરવાર કરે છે કે, વિ.કપડવંજના એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ ક્રિમીનલ કેસ નં. ૮૨૮/૨૦૧૯ ના કામે તા.૨૩/૦૮/૨૦૨૩ ના રોજ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના માટે બે(૨) વર્ષની સાદી કેદની શિક્ષા ભોગવવાનો હુકમ તથા રૂ.૨,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા બે લાખ) પુરા આ કામના ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવા. જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો વધુ છ(૬) માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે તે હુકમ ભૂલ ભરેલો, ગેરકાયદેસર, અને કાયદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો હોઈ વિ. ટ્રાયલ કોર્ટના નિર્ણયમાં હસ્તક્ષેપ કરી શકાય તેવી સ્થિતિ, સંજોગો અને પુરાવા રેકર્ડ ઉપર રજૂ છે ?

**<u>મુદ્દા નં.૨</u>** શું હુકમ ?

(૭.૧) ઉપરોકત મુદ્દાના નિર્ણય નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં.૧</u>** નકારમાં

**<u>મુદ્દા નં.૨</u>** આખરી હુકમ મુજબ

**-: કારણો :-**

(૮) વિ. ટ્રાયલ કોર્ટનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો અરજદાર વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ ફરીયાદ દાખલ થયેલ ત્યારબાદ ફરીયાદીનું વેરીફીકેશન નોંધી આરોપીને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ ત્યારબાદ આરોપી હાજર થતાં આરોપીના જવાબ નોંધી, તેઓએ ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષે પુરાવો નોંધવામાં આવેલ. ફરીયાદ પક્ષ તર્ફે રજૂ થયેલ પુરાવાનું ટ્રાયલ કોર્ટે આંક-૩૦ વાળા હુકમમાં વિસ્તૃત મુલ્યાંકન કરેલ છે જેમાં ટ્રાયલ કોર્ટે ફરીયાદની હકીકત ફરીયાદીએ પુરવાર કરેલ હોવાનું માનેલ છે. વધુમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ની જોગવાઈ મુજબ અનુમાનનું સફળતા પૂર્વક ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષની રહેલ છે. જયાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી ચેકના ધારણ કર્તા ધ્વારા મેળવવામાં આવેલ ચેક લેણા અથવા જવાબદારી પેટે આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે.

(૯) ફરીયાદ તર્ફે રજૂ કરેલ પુરાવાનું પૂન:મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીએ આંક-૦૫ થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે જેમાં ફરીયાદની હકીકતનુ સરતપાસની એફીડેવીટમાં પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે ફરીયાદી આજથી પાંચ વર્ષ અગાઉ ગાંધીનગર મુકામે નોકરી કરતાં હોવાથી આરોપીના મકાનની બાજુના મકાનમાં ફરીયાદી ભાડે રહેતા હતાં. ફરીયાદી અને આરોપી પાડોશી હોવાથી એકબીજાના પરીચયમાં આવેલ જેથી ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સબંધો

કેળવાયેલા. ફરીયાદી સને ૨૦૧૧ થી ૨૦૧૭ સુધી આરોપીના મકાનની બાજુમાં રહેતાં હતાં અને સદર સમયગાળા દરમ્યાન આરોપીના પિતાશ્રી માંદગી રહેલી અને જેના કારણે આરોપીને ઘણો મોટો સામાજીક ખર્ચ થયેલ અને તેમના પિતાની સારવાર સારૂ પણ ઘણો ખર્ચ થયેલ. જેથી ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સબંધો હોઇ આરોપીને સામાજીક તેમજ સારવાર ખર્ચને પહોંચી વળવા સારૂ સને ૨૦૧૧ થી ૨૦૧૭ સુધીમાં ટુકડે ટુકડે રૂા. ૨,૦૦,૦૦૦/–ની જરૂરીયાત ઉપસ્થિત થયેલ. જેથી આરોપીએ ફરીયાદીનો સંપર્ક કરી સમયાંતરે જરૂરીયાત મુજબના ઉછીના નાણાંની માંગણી કરેલ, જેથી ફરીયાદીએ આરોપી સાથેના મિત્રતાના સબંધોને કારણે સને–૨૦૧૧ થી ૨૦૧૭ સુધીમાં ટુકડે ટુકડે રૂા.૨,૦૦,૦૦૦/– આપેલ. ત્યારબાદ ફરીયાદીની ટ્રાન્સફર થતાં આરોપીએ ફરીયાદીને જણાવેલ કે, હું રકમ તમોને સને ૨૦૧૮ ના અંત સુધીમાં અચુક ચુકવી આપીશ. તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો. ત્યારબાદ આરોપીના જણાવ્યા મુજબનો સમય પસાર થવા છતાં આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નહી. જેથી ફરીયાદી ધ્વારા સદર નાણાંની માંગણી કરતાં આરોપીએ ફરીયાદીને જણાવેલ કે, હાલમાં મારી પાસે રોકડ રકમ નથી જેથી હું તમોને મારા ખાતાનો ચેક લખી આપું છું અને બેંકમાં તે જમા કરાવશો તો તમોને તમારા નાણાં મળી જશે તેમ જણાવી આરોપીએ ગાંધીનગર અર્બન કો.ઓ.બેંક લી., સેકટર ૨૧, ગાંધીનગર શાખાનો ચેક નંબર ૦૦૦૦૪૨, તા. ૧૯/૦૨/૨૦૧૯ના રોજનો રકમ રૂા. ૨,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા

બે લાખ)પુરાનો ફરીયાદીના નામનો આરોપીએ ફરીયાદીની હાજરીમાં પોતાની સહી કરીને લખી આપેલ અને તે સમયે પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે, સદર ચેક બેંકમાં જમા કરશો એટલે સદર ચેક સ્વીકારાઈ જશે અને તમોને તમારા નાણાં મળી જશે. જેથી આરોપીએ આપેલ ચેક આરોપીના જણાવ્યા મુજબ તા.૧૯/૦૨/૨૦૧૯ ના રોજ ફરીયાદીએ બેંક ઓફ બરોડા, કપડવંજ શાખાના તેમના ખાતામાં કલીયરીંગ સારૂં જમા કરાવેલ, જે ચેક આરોપીની બેંકના મેમોરેન્ડમમાં જણાવ્યા મુજબ અપુરતા ભંડોળના શેરા સાથે તા. ૨૦/૦૨/૨૦૧૯ ના રોજ પરત થયેલ જે અંગેની જાણ ફરીયાદીને બેંક ધ્વારા રીર્ટન મેમો સાથે થયેલ. જેથી આરોપીએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરેલી હોવાથી ફરીયાદીએ આરોપીને તા.૧૯/૧૨/૨૦૧૯ ના રોજ નોટીસ મોકલેલ જેની પ્રત આંક–૨૧ થી રજુ છે. જયારે નોટીસ વતીથી સ્વીકાર્યા બાબતની એકનોલોજમેન્ટ આંક–૨૨ થી રજુ છે. સદર ચેક ''અન સફીસીયન્ટ'' ના શેરા સાથે પરત ફરતા ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. આમ ફરીયાદ પક્ષના પુરાવાનુ મુલ્યાંકન કરતા આંક–૧૯ વાળો ચેક કાયદેસરના લેણાના અવેજ પેટે ચૂકવેલ છે. આમ, ફરીયાદીએ રજુ કરેલ આંક–૧૯ વાળો ચેક આરોપીએ તેના કાયદેસરના અવેજ પેટે ચૂકવ્યા હોવાની હકીકત વિ.કપડવંજના એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓએ આંક–૩૦ ના ચુકાદામાં માનેલ છે તે પડેલ પુરાવા ઘ્યાને લેતાં યોગ્ય અને ન્યાયીક છે.

(૧૦) વધુમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની –૧૩૯ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ

જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યા સુધી એવુ માનવામાં આવશે કે તે ચેક સદર કાયદાની કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. આરોપીએ સદર અનુમાનોનું ખંડન સચોટ પુરાવાથી કરવુ પડે માત્ર બચાવ લેવાથી ખંડન થયેલા હોવાનું માની શકાય નહીં. આમ આરોપીએ ફરીયાદમાં જણાવેલ હકીકતોનું સ્પષ્ટ પણે ખંડન કરેલ ન હોઈ આંક–૧૯ વાળો ચેક એપેલન્ટે મૂળ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ છે તેમજ ફરીયાદી તર્ફે રજૂ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપરથી આંક–૧૯ વાળો ચેક આરોપીએ આપેલ છે તેના ઉપર આરોપીની સહી છે. સદર ચેક ફરીયાદીના બેંક એકાઉન્ટમાં ભરતા ''અન સફીસીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ અને જે લગતની નોટિસ સમય મર્યાદામાં આરોપીને મોકલાવેલ છે ત્યારબાદ સમય મર્યાદામાં ફરીયાદ દાખલ થયેલ છે. સદર હકીકતનું બચાવ પક્ષે ધ્વારા કોઈ ખંડન થયેલ નથી તેવુ માનેલ છે તે પડેલ પુરાવા ધ્યાને લેતાં યોગ્ય અને ન્યાયીક છે.

(૧૧) વધુમાં એપેલન્ટ/ આરોપી ક્રિમીનલ કેસ નં. ૮૨૮/૨૦૧૯ ના કામે આરોપી ધ્વારા નોટીસ ન બજેલ હોય, ફરીયાદ તથા નોટીસની હકીકતો ખોટી હોય, ચેકમાં સહી ન હોય, ચેકમાં લખેલી વિગતો પોતે લખેલી ન હોય કે આરોપીએ મુળ ફરીયાદી સાથે આવો કોઈ જ વ્યવહાર કરેલ ન હોય તેવો કોઈ જ બચાવ લીધેલ નથી જેથી ગર્ભિત રીતે આ કામના એપેલન્ટે સદર વ્યવહાર કબુલ કરતા હોય જે પરોક્ષ રીતે સાબીત થાય છે.

કાયદાનો એવો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે વિ. ટ્રાયલ કોર્ટના હુકમમાં કોઈ ગંભીર પ્રકારની ભૂલ કે પર્વસીટી જણાઈ આવતી ના હોય ત્યાં સુધી અપીલ અદાલતે વિ. ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં. આમ, વિ. ટ્રાયલ કોર્ટે રજૂ થયેલ પુરાવાને આધારે એપેલન્ટ/આરોપીને તકસીરવાન ઠરાવેલ હોવાનું તારણ યોગ્ય અને ન્યાયીક હોઈ અને તેમાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત જણાતો ન હોઈ મુદ્દા નં .૧ નો જવાબ **નકારમાં** ઠરાવી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- એપેલન્ટ/આરોપીની હાલની ક્રિમીનલ અપીલ નં. ૫૪/૨૦૨૩ આથી **નામંજૂર** કરવામાં આવે છે.
- કપડવંજના વિધ્વાન એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓએ પોતાની સમક્ષના ફોજદારી કેસ નં. ૮૨૮/૨૦૧૯ ના કામે તા. ૨૩/૦૮/૨૦૨૪ ના રોજ આંક–૩૦ લગત કરેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.
- આ અપીલ દરમ્યાન હાલના એપેલન્ટ/આરોપીએ રજૂ કરેલ જામીન ખત આથી રદ્દ કરવામાં આવે છે.
- એપેલન્ટ/આરોપીએ તા. ૨૪/૦૪/૨૦૨૬ સુધી વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ સજા ભોગવવા હાજર રહેવું. જો એપેલન્ટ/આરોપી તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર ન રહે તો વિ.ટ્રાયલ કોર્ટે તેના વિરૂધ્ધ બિનજામીનપાત્ર વોરંટ કાઢવુ અને હુકમના અમલની કાર્યવાહી કરવી.

- ➢ આ હુકમની એક નકલ ટ્રાયલ કોર્ટના અસલ રેકર્ડ સાથે નીચેની કોર્ટને તાત્કાલીક પરત મોકલી આપવી.

- ➢ ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૭, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૭/૦૪/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

પીસીઆર